ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરમાં આ વર્ષે ‘ટોઠા’ ઘરે જ બને છે



ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગરાઓ ખાણીપીણીના શોખીન છે. વારે-તહેવારે કે પ્રસંગોપાત શહેરના ઘરે ઘરે વાનગીઓ બનતી રહે છે પણ શિયાળો આવે એટલે લીલા શાકભાજી સાથે કઠોળમાં ખાસ તુવેરના ટોઠા શહેરના ઘ-૪, ઘ-૫, સરગાસણ, રીલાયન્સ ક્રોસરોડ કે કુડાસણ એમ અનેક જગ્યાએ વેચાતા હોય છે પરંતુ આ વર્ષે કોરોનાને કારણે ટોઠાનું વેચાણ કરતી લારીઓ ઓછી નજરે ચઢી રહી છે સાથે અમુક રેસ્ટોરન્ટ જયાં ટોઠા મળે છે ત્યાં શહેરીજનોની આવનજાવન ઓછી છે. ગૃહિણીઓ ઘરે જ ટોઠા બનાવી પરિવારને ખુશ કરી રહી છે.

ટોઠા બનવાની શરૂઆત ૧૯૯૮ની સાલમાં થલતેજ ગામ પાસે થઈ હતી. જયાં ટ્રેડીશનલ સ્વાદ સાથે ટોઠા પીરસાતા ટોઠામાં ખાસ બાફેલા ટોઠા, લીલું લસણ, લીલી ડુંગળી, સુકી ડુંગળી, આદુ અને ગરમ મસાલો ઉમેરાય છે. તીખાશ-મીઠાશ સ્વાદઅનુસાર ગૃહિણીઓ ઉમેરે છે. ઘરે ટોઠા બનાવતી ગૃહણી બાજરીના રોટલા-ડુંગળી અને છાશ સાથે પરિવારજનોને ટોઠા પીરસી રહી છે. બહાર બ્રેડ કે કુલચા સાથે ટોઠા મળે છે. શહેરના તમામ નાના મોટાની શિયાળાની પસંદ તુવેરના ટોઠા બની રહી છે.

હાલના કોરોનાના સમયમાં બહારની લારી કે રેસ્ટોરન્ટમાં ફુડ નોર્મસ જળવાય ન જળવાય તે એક પ્રશ્ન છે ત્યારે શહેરીજનો બહાર જઈ ટોઠા ખાવાનું એવોઈડ કરી રહ્યા છે અને ગૃહિણીઓ લોકડાઉન બાદથી જ તમામ ખાવાપીવાની વાનગીઓ ઘરે બનાવતી થઈ ગઈ હોવાથી હવે ટોઠા પણ ઘરે જ બનાવીને પરિવારજનોને ખુશ કરી રહી છે. શિયાળાની ઠંડીમાં બહાર નીકળવા કરતા ઘરે જ જે ખાવું હોય તે બાળકો અને પરિવારજનોને બનાવી આપીએ છીએ તેવું શહેરની ગૃહિણીઓ જણાવી રહી છે.

શહેરના ટોઠા વેચનાર વેપારીઓ જણાવે છે કે આ વર્ષે ઠંડી કે કોરોના કોઈ પણ કારણોસર ગાંધીનગરના શોખીન પરિવારો પણ ટોઠા ખાવા માટે આવવાનું ટાળી રહ્યા છે. લગભગ વીસેક ટકા જેટલી જ રોજની ઘરાકી થઈ રહી છે.

## ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્ટીફાઈડ કોર્ષનો પ્રારંભ

### વર્ષમાં માત્ર બે જ ડોકટરને પ્રવેશ, આંતરરાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞો વિદ્યાર્થીઓને ઓનલાઈન તાલિમ આપશે

ગાંધીનગર, તા.૧૮
ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજમાં આગામી જાન્યુઆરી માસથી કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્ટીફાઈડ કોર્ષનો પ્રારંભ થશે. સમગ્ર ભારતભરમાં આ પ્રકારનો કોર્ષ પ્રથમવાર ગાંધીનગરમાં શરુ થવા જઈ રહ્યો છે. ગાંધીનગર મેડીકલ કોલેજમાં આ કોર્ષ માટે ખાસ લેબ પણ તૈયાર કરવામાં આવશે. ભારતભરના ઈએનટી સર્જન આ કોર્ષમાં જોડાઈ શકે છે. પરંતુ ખાસ કમિટી દ્વારા ઈન્ટરવ્યુ લઈનો ઈએનટી સર્જનને આ કોર્ષના અભ્યાસ માટે પસંદ કરવામાં આવશે. વર્ષમાં માત્ર બે જ ડોકટરનો થીયરીકલ અને પ્રેકટીકલ ટ્રેનીંગ આપીને પરિક્ષા પણ લેવામાં આવશે.આ પરિક્ષા પાસ થયા બાદ જ ડીગ્રી એનાયત કરવામાં આવશે.

રાજય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૩ થી આરબીએસકે અંતર્ગત કોકલીયર ઈમ્પ્લાન્ટ પ્રોગામ શરુ કરવામાં આવ્યો છે. રાજયના ૬ વર્ષ સુધીના બાળકને આ યોજનાનો લાભ મળે છે. રાજય સરકારનો દેશ ખાતે સૌથી મોટા પ્રોગામ માં નો એક છે. આ કાર્યક્રમ હેઠળ જન્મથી જ બહેરાશ હોય તેવા બાળકોનું કોકલિયર ઈમ્પ્લાન્ટનું ઓપરેશન કરીને સાંભળતુ તેમજ બોલતુ કરી શકાય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં ૯૯૮ બાળકોને



આ લાભ મળ્યો છે.

મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉતરપ્રદેશમાં પણ કોકલિયર ઈમ્પ્લાન્ટ માટે નાગરીકો જાગૃત બન્યા છે. બીજા રાજયમાંથી પણ માતા-પિતા પોતાના વ્હાલસોયા બાળકોને પોતાના ખર્ચે સારવાર માટે ગાંધીનગર સિવિલમાં આવે છે અને કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાવે છે.

રાજયમાં દરેક મેડીકલ કોલેજમાં કોકલિયર ઈમ્પ્લાન્ટના ઓપરેશન શરુ થયા છે. કોકલિયર ઈમ્પ્લાન્ટ માટે જરુરી તાલિમ સ્ટેટ નોડલ ઓફિસર ડો.નિરજ સુરી(એમ.એસ. ઈએનટી)ના નૈતૃત્વ હેઠળ આપવામાં આવે છે. ભારતમાં સૌથી પહેલા કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્ટીફાઈડ ફેલોશીપ કોર્ષ માટે ગુજરાત સરકાર તેમજ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગાંધીનગર સિવિલમાં આ કોર્ષ માટે મંજુરી અપાઈ છે. ૬ માસના આ કોર્ષમાં ભારતના કોઈપણ રાજયના ઈએનટી સર્જન પ્રવેશ મેળવી શકે છે. આ કોર્ષમાં માત્ર ને માત્ર કોકલિયર ઈમ્પ્લાન્ટ વિશે જ અભ્યાસ કરાવવામાં આવશે. આજદિન સુધી ભારત સિવાય બીજા કોઈ દેશમાં કોકલિયર ઈમ્પ્લાન્ટ માટે આ પ્રકારનો કોર્ષ શરુ થયો નથી.

આ કોર્ષના મેન્ટર ડો.નિરજ સુરીએ જણાવ્યું હતું કે અભ્યાસ દરમિયાન નિષ્ણાંતોને સાથે રાખીનો ઈએનટી સર્જન ને કોકલિયર ઈમ્પ્લાન્ટ પણ કરાવાશે. આંતરરાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞો વિદ્યાર્થીઓને ઓનલાઈન તાલિમ આપશે.

## અડાલજ-કોબા માર્ગ પર અજાણી કારની અડફેટે લોડીંગ રીક્ષા ચાલકનું મૃત્યુ

અડાલજ-કોબા માર્ગ પર ગતરોજ રાત્રીના સાડા નવ વાગ્યાના અરસામાં પંચવટી ફાર્મ પાસે લોંડીગ રીક્ષાને અજાણ્યા વાહને ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ફરીયાદી અરજણજી અવજીજી ઠાકોર (ઉં.૫૪) અંબાપુર ગામે રહે છે અને ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ત્યારે વિનોદ અભાજી ઠાકોર ફરીયાદીના કાકાનો દિકરો થાય છે. તે પોતાની લોડીંગ રીક્ષા નં.જી.જે.૧૮.ટી-૨૧૨૨ ફેરવીના માલ સામાનની ફેરબદલી કરે છે. ગતરોજ તા.૧૭ના રોજ આશરે પોણા દશેક વાગે રાત્રીના સમયે ફરીયાદી ગામમાં ચોક ખાતે બેઠા હતા. તે સમયે મારા નાના ભાઈ દિનેશજી પાસે આવીને કહ્યું હતું કે આપણા કાકાના દિકરા વિનોદજીનું અંબાપુર-કોબા માર્ગ પર પંચવટી ફાર્મ સામે લોડીંગ રીક્ષા લઈને જતા હતા, તે દરમિયાન અકસ્માત થયેલ છે.જેને પગલે ફરીયાદી પોતાના પરિવારના સભ્યો અકસ્માતના સ્થળે આવી પહોચ્યા હતા. ત્યાં જઈને જોયુ તો મારા કાકાના દિકરા વિનોદ ઠાકોરનું અકસ્માત થયું હતું અને તેમનો મૃતદેહ માર્ગ પર પડ્યો હતો. મૃતક પોતાની લોડીંગ રીક્ષા લઈને કોબાથી અડાલજ માર્ગ પર પસાર થઈ રહ્યા હતા. તે સમયે અચાનક કોઈ અજાણ્યા વાહનની ટકકર મારતા લોડીંગ રીક્ષામાં સવાર વિનોદજીને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચતા સ્થળ પર જ મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણી કારચાલક ને પકડવા માટે ગતિવિધીઓ શરુ કરી છે.

## બ્રહ્મસમાજના મહિલા અગ્રણી અને પત્રકાર મિલન વ્યાસના માતૃશ્રી વિદ્યાબેન ઉમેશચંદ્ર વ્યાસનું દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગરમાં વેસ્ટર્ન ટાઈમ્સના વરિષ્ઠ પત્રકાર મિલન વ્યાસના માતૃશ્રી તથા બ્રહ્મસમાજના મહિલા અગ્રણી શ્રીમતી વિદ્યાબેન ઉમેશચંદ્ર વ્યાસનું આજે સાંજે દુ:ખદ નિધન થવા પામ્યું છે. તેઓ ૭૩ વર્ષના હતા અને કેટલાંક દિવસ પૂર્વે કોરોનાગ્રસ્ત થયા હતા જે દરમિયાન તેમની તબિયત લથડતા કુડાસણ ખાતેની એસએમવીએસ હોસ્પિટલના કોવિડ વોર્ડમાં આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા જયાં તેમણે અંતિમ શ્વાસ લીધો હતો.

સ્વ. વિદ્યાબેન ઉમેશચંદ્ર વ્યાસને તા. ૧૪મી ડિસેમ્બરે વહેલી પરોઢે ઓકિસજન માત્રા ઘટી જતાં હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી અને છેલ્લા ત્રણેક દિવસથી તેઓ વેન્ટીલેટર પર હતા. સ્વ. વિદ્યાબેન પોતાના જીવનમાં અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે કાર્યરત રહ્યા છે જેમાં તેઓ ગાંધીનગર બ્રહ્મસમાજની મહિલા પાંખમાં હોદ્દેદાર રહેવા સાથે



તેમણે સ્થાપેલા માનવ સેવા ટ્રસ્ટ થકી અનેક સામાજિક પ્રવૃત્તિઓમાં યોગદાન આપ્યું હતું. આ સંસ્થા થકી ચલાવાતા સ્ટેનોગ્રાફરના વર્ગોમાં તાલીમ મેળવીને આશરે ૨૫૦થી વધુ ઉમેદવારો સરકારી નોકરી પ્રાપ્ત કરી ચુકયા છે. આ ઉપરાંત આ સંસ્થા અંતર્ગત તેમણે શહેરના સંપન્ન વર્ગમાંથી કપડાં ઉઘરાવીને દૂરસુદૂરના અંતરિયાળ વિસ્તારોમાં વંચિતોને તેનું વિતરણ કરવા જેવા અનેક સેવાકીય કાર્યો કર્યા હતા. સ્વ. વિદ્યાબેન વ્યાસ દ્વારા ‘આઈ શ્રી ખોડિયાર’ નામની માસિક પુસ્તિકાનું પ્રકાશન પણ લાંબા સમય સુધી કરવામાં આવી ચુકયું છે. ઘણા સમયથી તેઓ વયના કારણે નિવૃત્ત જીવન ભોગવી રહ્યા હતા. તેમના સાલસ સ્વભાવ અને વિવિધ પ્રવૃત્તિઓ થકી તેમણે માત્ર મહિલાઓ જ નહી પરંતુ સમગ્ર સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરવા સાથે તેઓ અનેક યુવાનોની કારકિર્દી ઘડતરમાં મદદરૂપ બન્યા હતા. તેમના નિધનથી તેમના પરીવાર અને બ્રહ્મસમાજ સહિત પત્રકાર આલમમાં પણ શોકની લાગણી પ્રસરવા પામી છે.









શિયાળો એટલે જાતજાતના વસાણા ખાવાની ઋતુ. અડદિયા પાક, સાલમ પાક, મેથીપાક જેવા જાતભાતના વસાણાઓ આ ઋતુમાં જ ખાવા મળે. ગાંધીનગરનું કચરિયું પણ સ્વાસ્થ્ય પ્રેમીઓમાં એટલું જ લોકપ્રિય છે. સફેદ-કાળા તલનું વિવિધ આયુર્વેદિક મસાલાઓ નાંખેલું કચરિયું ખાવ એટલે આખું વર્ષ ઉર્જાવાન રહેવાય. સેકટર-૨ ઉમાં કચરિયું ખરીદવા ઘણી ઘરાકી જોવા મળી રહી છે. શિયાળો જામ્યો છે ત્યારે કચરિયું ખરીદવા ભારે ભીડ જામે છે.



ચોમાસામાં પડેલા ગાબડાં હજુ સુધી પુરાયા નથી. સેકટરોમાં કેટલાય સ્થળોએ હજુ ખાડા અને ગાબડાં જોવા મળી જાયછે. સેકટર-૫માંથી સેકટર-૬માં જવાના માર્ગની બાજુમાં ફુટપાથ ઉપર મોટું ગાબડું પડયું છે. આ જોખમી ગાબડાં પર હજુ સુધી તંત્રની નજર પડી નથી.

## આજે શિવરંજનીનો ઓનલાઈન ‘ડાયરો’

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા ‘શિવરંજની’ દ્વારા તા ૧૯મી ડિસેમ્બર શનિવારે રાત્રે ૮.૩૦ થી ૧૦ કલાક દરમિયાન ફેસબુક લાઈવના માધ્યમથી આ વર્ષના પાંચમા કાર્યક્રમ ‘ડાયરો’નું આયોજન કરવામાં આવ્યું છે. લોકસંગીત-લોક સાહિત્યની રમઝટ સાથે આયોજિત આ કાર્યક્રમને શ્રોતાઓ શિવરંજનીના ફેસબુક પેજ પર લાઈક કરીને લાઈવ નિહાળી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૪૯ વર્ષથી કાર્યરત શિવરંજની સંસ્તા એના ‘સંગીત એજ ઉપાસના’ ના ધ્યેયને અનુલક્ષીને આ કોરોના મહામારીના સમયમાં પણ સંગીતના સુર રેલાતા રહે અને ગુણીજનો સંગીતનો લાભ લઈ શકે એજ માત્ર આશયથી આ વર્ષમાં અત્યાર સુધીમાં ૩ લાઈવ અને એક રેકોર્ડેડ કાર્યક્રમ વિના મુલ્યે પીરસી ચુકી છે.

## લાયન્સ કલબ ઓફ ફેમિના દ્વારા બગીચા ઉછેર માટે વેબિનાર યોજાયો




ગાંધીનગર, તા.૧૮
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા કિચન ગાર્ડન અને મૂળભૂત ખેતી, ઘર બેઠા બગીચાનો ઉછેર અને વિકાસ વિષયક વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. બરોડા ખાતે, ઉપજ ફાર્મના અવનિ જૈન દ્વારા આ સેમિનારમાં માહિતિ આપવામાં આવી હતી.

આજકાલ ગૃહિણીઓ પોતાના ઘરે ઉગાડેલા શાકભાજીનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે. બહારના જંતુનાશક દવાના ઉપયોગથી ઉગાડેલા શાકભાજી કરતા ઘરે ઉગાડી તંદુરસ્તીની સુરક્ષા સાથે ક્રિએટિવ આનંદ લેતી બહેનો માટે આ સેમિનાર માર્ગદર્શક બની રહ્યો.

કલબની તેમજ અન્ય બહેનોએ મોટી સંખ્યામાં આ સેમિનારમાં માર્ગદર્શન મેળવ્યું હતું. કમપોસ્ટ ખાતર બનાવવાની રીતો, છોડની સંભાળ, સૂર્યપ્રકાશની ઓછી વધારે જરૂરિયાત, રોપવાની પધ્ધતિ વગેરેનું વિગતવાર નિદર્શન કરવામાં આવ્યું હતું. પ્રમુખ મમતા રાવલ અને સેક્રેટરી દક્ષા જાદવ દ્વારા સહુનું અભિવાદન અને આભાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

## સ્મિત મ્યુઝિક દ્વારા આજે વુમન સ્પેશિયલ મ્યુઝિક શોનું ઓનલાઈન આયોજન

ગાંધીનગર, તા.૧૮
ગાંધીગરના સ્મિત મ્યુઝિક દ્વારા શનિવાર તા. ૧૮મી ડિસેમ્બરના રોજ ‘સ્પેશિયલ વુમન શો’નું એફબી લાઈવના માધ્યમથી આયોજન કરવામાં આવ્યું છે. આ મ્યુઝિક શોમાં શહેરના મહિલા ગાયિકાઓ જયમાલીની પટેલ, અનીલાબેન માકડ તેમજ મમતાબેન બુચ પરફોર્મન્સ આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા ડિસેમ્બર માસના તમામ વીકએન્ડમાં મ્યુઝિક શોનું આયોજન કરવામાં આવ્યું છે જે પૈકી આ પાંચમો શો છે. આ શો બાદ રવિવારે આયોજિત મ્યુઝિક શોમાં સુરેશ પરમાર, ડૉ. ભરત સોલંકી તેમજ નીરવ દવે પરફોર્મન્સ આપશે તેમજ તે સાથે કલાકારો સ્મિત મ્યુઝિક દ્વારા કમ્પોઝડ નવા સર્જન ‘કોરોના અવેરનેસ ગીત’ અને ‘વેલકમ-૨૦૨૧, ગેટઆઉટ-૨૦૨૦’ ગીત પ્રસ્તુત કરશે.

## શહેરમાં ફરી એકવાર વૃક્ષોને નુકસાન પહોંચાડતી પાશવી પ્રવૃત્તિ...!!

### સેકટર-૨ ઉમાં વડીલો દ્વારા મહામહેનતે ઉછેરવામાં આવેલા લીમડાના વૃક્ષોને અજાણ્યો તત્વોએ તોડી નાંખ્યા : પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષ

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગરમાં વધુ એકવાર વિકસતા વૃક્ષોને નુકસાન પહોંચાડતી પાશવી પ્રવૃત્તિ સક્રિય થઈ છે અને ફરીવાર સેકટર-૨ ઉમાં વાવેલા અને ટ્રી ગાર્ડ સાથેના લીમડાંના છોડ જે વૃક્ષ બનવા તરફ આકાર લઈ રહ્યા હતા તેને અજાણ્યા તત્વો દ્વારા તોડી નાંખવામાં આવતા પ્રકૃતિ પ્રેમીઓમાં રોષની લાગણી પ્રવર્તવા પામી છે. શહેરમાં વનરાજીને નુકસાન પહોંચાડતા આવા તત્વોને ઝબ્બે કરી આકરી સજા કરાય તો જ આ પ્રકારની પ્રવૃત્તિ પર અંકુશ આવશે તેવી શહેરના પર્યાવરણ પ્રેમીઓમાં લાગણી પ્રવર્તી રહી છે.

રાજયના હરિયાળા પાટનગરમાં જાણે યેનકેન પ્રકારે વૃક્ષોનું નિકંદન નીકળે તેવો શોખ વિકસ્યો હોય તેવી સ્થિતિ છેલ્લાં કેટલાક સમયથી અનુભવાઈ રહી છે. એક તરફ વહીવટી તંત્ર દ્વારા વિકાસના નામે લીલાછમ અને ઘટાદાર વૃક્ષોને બેરહમીથી કાપવામાં આવી રહ્યા છે તો બીજી તરફ શહેરના પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા આ નુકસાન ભરપાઈ કરવાના ઉદ્દેશથી વાવીને ઉછેરવામાં આવતા કુમળાં વૃક્ષોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ વારંવાર અજાણ્યા તત્વો દ્વારા કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં જ શહેરના સેકટર-૪-એમાં પર્યાવરણને બચાવવા ગ્રીન ઉર્જા પેદા કરતી ‘સોલાર ટ્રી’ લગાડવાની લ્હાયમાં સ્થાનિક મહિલા કોર્પોરેટરની સૂચનાથી હાથ ધરાયેલા વૃક્ષોની કટોતીના સમાચારની હજુ શાહી સુકાઈ નથી ત્યાં આજે સેકટર-૨ ઉમાં સૌરભ સોસાયટીમાં રહીશો ખાસ કરીને વડીલો દ્વારા પરિવારના સભ્યની જેમ જતન કરીને મહામહેનતે ઉગાડવામાં આવેલા અને ટ્રી ગાર્ડથી ઉપરની ઉંચાઈ પ્રાપ્ત કરી ચુકેલા લીમડાના વૃક્ષોને કોઈ અજાણ્યા અણસમજુ તત્વોએ તોડી નાંખીને તેમની પાશવી વૃત્તિનું પ્રદર્શન કરતા શહેરના પર્યાવરણ પ્રેમી નાગરિકોમાં રોષની લાગણી પ્રસરવા પામી છે. અગાઉ પણ શહેરના સેકટર-૨૩, ઘ-૨ થી ઘ-૧ તરફના માર્ગે તેમજ સેકટર-૩ અને સેકટર-૪માં આ પ્રકારની ઘટના આકાર લઈ ચુકી છે. વારંવાર આવી પાશવી વૃત્તિનું પ્રદર્શન કરતા અસામાજિક તત્વોને ઝબ્બે કરી આકરી કાર્યવાહી કરી ઉદાહરણ બેસાડાય તો જ આ પ્રકારની પ્રવૃત્તિ પર અંકુશ આવશે તેવું કેટલાક પર્યાવરણ પ્રેમી માની રહ્યા છે. જો કે જે શહેરમાં ખુદ વહીવટી તંત્ર વારંવાર હરિયાળીનું નીકંદન નીકળે તેવી કામગીરી કરતું હોય તે શહેરમાં આ પ્રકારની કાર્યવાહી હાથ ધરાશે કે કેમ તે અંગે અનેક પ્રકૃતિપ્રેમીઓ શંકા સેવી રહ્યા છે.



### વારંવાર બનતી આવી ઘટનાઓ સામે કડક ‘એકશન’ જરૂરી

અગાઉ ગાંધીનગરના સેકટર-૨ ઉમાં નિસર્ગ સાયન્સ સેન્ટર સામે એક વર્ષના જતનથી ઉછેરવામાં આવેલા વડના વિકસેલા છોડને મોટી સંખ્યામાં નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું તે પછી ઘ માર્ગ પર ઘ-૨ થી ઘ-૦ તરફના માર્ગે શહેરના સ્વૈચ્છિક સંસ્થાઓના સ્વયંસેવકો દ્વારા ઉછેરવામાં આવેલા ઘણા બધા લીમડાના છોડને નુકસાન પહોંચાડવાની ઘટના બની હતી. આ ઘટનાઓમાં તો કોઈ પગલા લેવાયા નહોતા પરંતુ તાજેતરમાં સેકટર-૪-એમાં સોલાર ટ્રી લગાડવા વૃક્ષોની કટોતી કરવાના મહિલા કોર્પોરેટરે આપેલા આદેશના કારણે કાપી નાંખવામાં આવેલા ૨ ઘટાદાર વૃક્ષોના બદલામાં અન્ય વ્યકિતને જ નજીવો દંડ કરીને સમગ્ર પ્રકરણ પર લીંપણ કરી ભીનું સંકેલી દેવામાં આવ્યું છે જે અંગે હજુ પણ પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ પ્રવર્તી રહ્યો છે અને હવે કડક ‘એકશન’ લેવાય તે જરૂરી બન્યું છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. જસવંતલાલ નટવરલાલ શાહ, ઉ.વ. ૭૫, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. સુરેશભાઈ નરોત્તમદાસ સોની, ઉ.વ. ૬૪, અડાલજ, તા. ગાંધીનગર
- સ્વ. શાહ બાબુલાલ ગહેરીલાલ, ઉ.વ. ૭૨, ચિલોડા મોટા, તા. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પુષ્પાબેન છોટાલાલ શાહ, ઉ.વ. ૯૨, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. કનૈયાલાલ બબલદાસ પટેલ, ઉ.વ. ૬૫, બોરીસણા, તા. કલોલ. જી. ગાંધીનગર